# હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતીની તાઃ ૦૨/૦૪/૨૦૧૪ના બપોરે ૧૨–૦૦ કલાકે યુનિવર્સિટી ભવન,કોન્ફરન્સ હોલ,નવસારી ખાતે મળેલ ત્રીજી બેઠકની કાર્યવાહી નોંધ :
તાઃ૦૨/૦૪/૨૦૧૪ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | ડૉ.એ.આર.પાઠક | અધ્યક્ષશ્રી અને કુલપતિ | હાજર |
| (૨) | શ્રી પી.બી.ચૌધરી | સંયુકત સચિવશ્રી અને નાંણાં સલાહકાર, (નાણાં વિભાગ) કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર | હાજર |
| (૩) | ડૉ.એન.એલ.પટેલ | સભ્યશ્રી અને ડીનશ્રી,અસ્પી બાગાયત કોલેજ | હાજર |
| (૪) | ડૉ.આર.આર.કસવાલા | સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય | હાજર |
| (૫) | ડૉ.એ.એન.સાબલપરા | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક | હાજર |
| (૬) | ડૉ.જી.જી.રાદડીયા | સભ્યશ્રી અને કુલસચિવ | હાજર |
| (૭) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્યસચિવ અને હિસાબી અધિ.–વ–હિસાબ નિયામક | હાજર |

સંયુકત સચિવશ્રી,(કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર અનિવાર્ય કારણોસર હાજર રહી શકયા ન હતા, તેમની રજાને માન્ય કરવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની ત્રીજી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૩.૦૧ નાણાં સમિતીની બીજી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૧૩/૧૧/૧૩ ના રોજ નવસારી ખાતે મળેલ નાણાં સમિતીની બીજી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૧ થી ૫ સુધીના સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૩.૦૨ સને ૨૦૧૩–૧૪ના વર્ષના નોન પ્લાન યોજનાના સુધારેલ અંદાજો મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની આયોજન બહારની યોજનાઓનું સને ૨૦૧૩–૧૪ વર્ષનું રીવાઈઝડ બજેટ રૂા. ૪૭,૩૪,૬૮/–(હજાર) નાણાં વિભાગ દ્વારા મંજુર કરેલ છે જેને સ્વીકારવામાં આવે છે અને રીવાઈઝડ બજેટની મર્યાદામાં ખર્ચ કરવા અનુમતિ આપી નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૩.૦૩ સને ૨૦૧૪–૧૫ના વર્ષનું આયોજન બહારની યોજનાઓનું સ્થાયી બજેટ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની આયોજન બહારની યોજનાઓનું સને ૨૦૧૪–૧૫ના વર્ષનું સ્થાયી બજેટ **રૂ.૪૩,૮૮,૬૫(હજાર)** નાણા વિભાગ દ્વારા મંજુર કરેલ છે, જેને સ્વીકારવામાં આવે છે અને સ્થાયી બજેટની મર્યાદામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં ખર્ચ કરવાની અનુમતિ આપી નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ગત નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના કુલ ખર્ચ કરતાં સને ૨૦૧૪–૧૫ ના વર્ષની ગ્રાન્ટ ઓછી મંજુર થયેલ હોય માયનસ જવા સંભવ રહેશે જેથી માયનસ જતી ગ્રાન્ટ મેળવવા રીવાઈઝડ બજેટમાં માંગણી રજુ કરવી.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૩.૦૪ નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની પ્લાન યોજનાનો વાર્ષિક વિકાસ કાર્યક્રમ વર્ષ : ૨૦૧૪–૧૫ હેઠળ અંદાજપત્રમાં મંજુર થયેલ ચાલુ બાબતોની જોગવાઈ રૂા. ૮૧૯૩.૮૪ લાખ ફાળવવા તેમજ ખર્ચ કરવાની મંજુરી માટે નિયામક મંડળને ભલામણ કરવા બાબત. .**

આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીનો ચાલુ નાણાંકીય વર્ષઃ ૨૦૧૪–૧૫ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત પ્લાન યોજનામાં શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ અને સંશોધન માટેની ચાલુ બાબતો માટે અંદાજપત્ર પ્રકાશન નં ૩ માં મંજુર થયેલ યોજનાવાર બજેટ જોગવાઈ રૂા. ૮૧૯૩.૮૪ લાખની ૨૫%ની મર્યાદામાં વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન ખર્ચ કરવાની મંજુરી આપવા માટે નિયામક મંડળને ભલામણ કરવામાં આવે છે.

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

મુદ્દા નં. ૩.૦૫ Rivision in the rate of stipend to the trainees of "Landscaping and Gardening Training programme (B.H. 12508)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત વિગતે વિગતવાર ચર્ચા કરવામાં આવી અને આ બાબતની જરૂરી માહિતી/ આધારો સાથે હવે પછી મળનાર નાણાં સમિતિની બેઠકમાં આ મુદ્દો ફરી રજુ કરવા ઠરાવવામાં આવ્યું.

**(અમલઃ– આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ– વનીય મહાવિદ્યાલય અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૩.૦૬ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની સને ૨૦૧૨–૧૩ની આયોજિત યોજનાની મહેસુલી આવક રૂા. ૧,૭૩,૨૯,૨૪૭/– ફાઉન્ડેશન ફંડમાં ટ્રાન્સફર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની સને ૨૦૧૨–૧૩ ના નાણાકીય વર્ષ દરમ્યાન આયોજિત યોજનાઓની મહેસુલી આવક રૂા. ૧,૭૩,૨૯,૨૪૭/– થયેલ છે, ફાઉન્ડેશન ફંડમાં ટ્રાન્સફર કરવા માટે નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

<u>અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદ્દાઓ :–</u>

મુદ્દા નં. ૩.૦૭ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પ્લાન યોજનામાં **આગામી અંદાજપત્ર વર્ષ ૨૦૧૪–૧૫માં નવી યોજનાઓની દરખાસ્ત માટે કરેલ રૂા. ૫૪.૭૧ લાખની નાણાકીય સૂચિત જોગવાઈ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી પ્લાન યોજના હેઠળ આગામી વર્ષ ૨૦૧૪–૧૫ના સૂચિત વાર્ષિક કાર્યક્રમ હેઠળ અંદાજપત્રમાં સમાવેશ માટે સંશોધનનાં નવા પાંચ પ્રોજેકટોની ICAR નાં સભ્યો સાથેની કમિટિએ સમીક્ષા કરેલ તે મુજબ રૂા. ૫૪.૭૧ લાખ (કુલ યોજનાકીય જોગવાઈ રૂા. ૬૯૨.૦૮ લાખ) જોગવાઈ ગ્રાહય રાખી નવી બાબતોની દરખાસ્તને મંજુરી આપવા ઠરાવવામાં આવે છે.

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને**
**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિઅવહિનિ/બજેટ–૩/૩૩૧૮–૨૪ તા.૦૨.૦૪.૨૦૧૪

(૧) સંયુકત સચિવશ્રી, (કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી પી.બી.ચૌધરી, સંયુકત સચિવશ્રી અને નાંણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
(૩) ડૉ. આર.આર.કસવાલા, સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય
(૪) ડૉ. એન.એલ.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૫) ડૉ. એ.એન.સાબલપરા,આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી,નકૃયુ,નવસારી
(૬) ડૉ. જી.જી.રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૭) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી
(૮) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ. નવસારી.

# હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતીની તાઃ ૦૨/૦૮/૨૦૧૪ના સાંજે ૧૮–૦૦ કલાકે યુનિવર્સિટી ભવન,કોન્ફરન્સ હોલ,નવસારી ખાતે મળેલ ચોથી બેઠકની કાર્યવાહી નોંધ :
તાઃ૦૨/૦૮/૨૦૧૪ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | ડાં.એ.આર.પાઠક | અધ્યક્ષશ્રી અને માન.કુલપતિ | હાજર |
| (૨) | શ્રી પી.બી.ચૌધરી | સંયુકત સચિવશ્રી અને નાંણાં સલાહકાર, (નાણાં વિભાગ) કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર | હાજર |
| (૩) | ડાં.એન.એલ.પટેલ | સભ્યશ્રી અને ડીનશ્રી,અસ્પી બાગાયત કોલેજ | હાજર |
| (૪) | ડાં.આર.આર.કસવાલા | સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય | હાજર |
| (૫) | ડાં.એ.એન.સાબલપરા | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક | હાજર |
| (૬) | ડાં.જી.જી.રાદડીયા | સભ્યશ્રી અને કુલસચિવ | હાજર |
| (૭) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્યસચિવ અને હિસાબી અધિ.–વ–હિસાબ નિયામક | હાજર |

સંયુકત સચિવશ્રી,(કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર અનિવાર્ય કારણોસર હાજર રહી શકયા ન હતા, તેમની રજાને માન્ય કરવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની ચોથી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૪.૦૧ નાણાં સમિતીની ત્રીજી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૦૨/૦૪/૧૪ ના રોજ નવસારી ખાતે મળેલ નાણાં સમિતીની ત્રીજી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૩.૧ થી ૩.૭ સુધીના સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૪.૦૨ તા. ૦૨/૦૪/૨૦૧૪ ના રોજ મળેલ જે બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નાણા સમિતિની તા. ૦૨/૦૪/૨૦૧૪ ના રોજ મળેલ ત્રીજી બેઠકમાં મુદ્દા નં. ૩.૦૨ થી મુદ્દા નં. ૩.૦૭ સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૪.૦૩ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૧૩–૧૪ના વર્ષનો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના સને ૨૦૧૩–૧૪ (તા. ૦૧/૦૪/૨૦૧૩ થી તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધીનો) ના વાર્ષિક હિસાબને નીચેની સુચના સહ નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧) હવે પછીના વર્ષથી વાર્ષિક હિસાબમાં પ્લાન યોજનાઓ તેમજ નોનપ્લાન યોજનાઓમાં યુનિવર્સિટીએ ફાળવેલ ગ્રાન્ટની વિગત દર્શાવવી.

(૨) બિન કાર્યરત અધર એજન્સી યોજનાઓ તથા આઈ.સી.એ.આર.ની યોજનાઓ સંશોધન નિયામકશ્રીની ભલામણ મેળવી યોજનાઓ બંધ કરી બચત રહેતી રકમ સરભર કરી યુનિવર્સિટી ડેવલપમેન્ટ ફંડમાં જમા કરવી.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી તથા સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૪.૦૪ નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીનો સને ૨૦૧૦–૧૧ ના વર્ષનો ઓડીટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ–૨૦૦૪ની કલમ ૪૮(૫) અનુસાર નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૦૪–૦૫ થી સને ૨૦૧૧–૧૨ સુધીના સમયનું હાથ ધરાયેલ સ્પેશિયલ ઓડીટ અંગેની અનિયમિતતાનો અહેવાલ અને તેના પર લેવાયેલ પગલાંનું નિવેદન નિયામક મંડળ સમક્ષ રજુ કરવાનું રહેતું ન હોય, ફકત સને ૨૦૧૦–૧૧ ના વર્ષનો ઓડીટ અહેવાલ અને તેના પર લીધેલ પગલાંની નોંધ નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી)**

**<u>અધ્યક્ષ સ્થાનેથી</u>**

**મુદ્દા નં. ૪.૦૫ લેન્ડસ્કેપીંગ એન્ડ ગાર્ડનીંગ ટ્રેનીંગ પ્રોગ્રામ (માળી તાલીમ) અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓનું સ્ટાઈપેન્ડ વધારવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં ચાલતા લેન્ડસ્કેપીંગ એન્ડ ગાર્ડનીંગ ટ્રેનીંગ પ્રોગ્રામના ૬ માસના પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં આવનાર તાલીમાર્થીઓને હાલમાં માસિક સ્ટાઈપેન્ડ રૂા. ૨૦૦/– ચૂકવવામાં આવે છે જેમાં વધારો કરી માસિક રૂા. ૨૦૦૦/– નું સ્ટાઈપેન્ડ ચૂકવવાની મંજુરી આપવા નિયામક મંડળશ્રીને ભલામણ કરવામાં આવે છે.

**(અમલઃ– આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ– વનીય મહાવિદ્યાલય, નવસારી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને**
**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિઅવહિનિ/વહટ/ ૬૦૭૫ તા.૦૪.૦૮.૨૦૧૪

(૧) સંયુકત સચિવશ્રી, (કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી પી.બી.ચૌધરી, સંયુકત સચિવશ્રી અને નાંણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
(૩) ડાં. આર.આર.કસવાલા, સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય
(૪) ડાં. એન.એલ.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૫) ડાં. એ.એન.સાબલપરા,આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી,નકૃયુ,નવસારી
(૬) ડાં. જી.જી.રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૭) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી

# હિસાબ નિયામકશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતિની પાંચમી **તા.૨૫/૦૯/૨૦૧૪** ના રોજ ૧૩:૦૦ કલાકે ગુજરાત કૃષિ યુનિવર્સિટી કાઉન્સીલ, ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

| અનુ. નં. | સભ્યશ્રીનાં નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | ડૉ. એ. આર. પાઠક | અધ્યક્ષકશ્રી અને કુલપતિશ્રી | હાજર |
| ૨ | શ્રી આર.ટી.કિશ્ચિયન | સંયુકત સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ | હાજર |
| ૩ | હર્બટ કિશ્ચિયન | નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ અને સલાહકાર (કૃષિ અને સહકાર વિભાગ) | હાજર |
| ૪ | ડૉ. આર. આર. કસવાલા | સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય | હાજર |
| ૫ | ડૉ. એન. એલ. પટેલ | સભ્યશ્રી અને ડીનશ્રી, અસ્પી કોલેજ | હાજર |
| ૬ | ડો. જી.જી. રાદડીયા | સભ્યશ્રી અન કુલસચિવ | હાજર |
| ૭ | ડો. એ. એન. સાબલપરા | આમંત્રિત સભ્યશ્રી અને સંશોધન નિયામક | હાજર |
| ૮ | શ્રી ડી.ટી. ચૌધરી | સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક | હાજર |

સૌપ્રથમ નાણાં સમિતિની પાંચમી બેઠકમાં ઉપસ્થિત સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મિટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**મુદ્દા નં.૫.૧ નાણાં સમિતિની ચોથી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત...**

આથી ઠરાવવામાં આવે આવે છે કે, તા.૦૨/૦૮/૨૦૧૪ ના રોજ નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની ચોથી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૪.૧ થી ૪.૫ સુધીના સર્વાનુમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૫.૨ તા.૦૨/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોધંના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત...**

આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની તા.૦૨/૦૮/૨૦૧૪ ના મળેલ ચોથી બેઠકના મંદ્દા નં. ૪.૧ થી ૪.૫ લેવાયેલ પગલા અંગે નોંધ લીધી.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૫.૩ સને ૨૦૧૫–૧૬ ના આયોજન બહારની યોજનાઓના અંદાજ મંજુર થવા બાબત...**

આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૫–૧૬ ના વર્ષના આયોજન બહારની યોજનાઓના અંદાજ રૂા.૬૯,૬૮,૦૬(હજાર) માંથી સુચિત આવક રૂા.૨,૮૧,૨૦(હજાર) બાદ કરીને અંદાજ રૂા.૬૬,૮૬,૮૬(હજાર) ની અંદાજ પત્રીય દરખાસ્ત નિયામક મંડળને મંજુર કરવા ભલમાણ કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**અધ્યક્ષ સ્થાનેથી :–**

**મુદ્દા નં.૫.૪ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૧૪–૧૫ નો વાર્ષિક વિકાસ કાર્યક્રમ મંજુર થવા બાબત...**

આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૧૪–૧૫ ના વાર્ષિક વિકાસ કાર્યક્રમને બહાલી આપવી અને તેમાં દર્શાવેલ બજેટ જોગવાઈ કુલ રૂા.૯૧૪૭.૧૮ લાખની મર્યાદામાં વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન ખર્ચ કરવાની મંજુરી આપવી તેમજ પુનઃ વિનિયોગની સત્તા માન. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મિટીંગ પૂર્ણ થયાની જાહેર કરી.

સદરહુ કાર્યનોંધ માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

જા. નં. નકૃયુ/હિ.નિ./વહટ/૭૯૫૫-૬૨/૧૪
નવસારી. તા.૨૯/૦૯/૨૦૧૪

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

૧. સંયુકત સચિવશ્રી, (કૃષિ યુનિવર્સિટી) કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
૨. નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ અને સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
૩. ડૉ. આર. આર. કસવાલા, સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય
૪. ડૉ. એન. એલ. પટેલ, સભ્યશ્રી અને ડીનશ્રી, અસ્પી બાગાયત કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૫. ડૉ. એ. એન. સાબલપરા, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૬. ડૉ. જી. જી. રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૭. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

# હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની નાણાં સમિતીની તાઃ ૧૦/૧૧/૨૦૧૪ના ૧૫–૦૦ કલાકે રાજય કૃષિ યુનિવર્સિટીઓ પરિષદ, ગાંધીનગર ખાતે મળેલ ૬ઠ્ઠી બેઠકની કાર્યવાહી નોંધ :

તાઃ૧૦/૧૧/૨૦૧૪ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | ડૉ.એ.આર.પાઠક | અધ્યક્ષશ્રી અને માન.કુલપતિશ્રી | હાજર |
| (૨) | શ્રી પી.બી.ચૌધરી | સંયુકત સચિવશ્રી અને નાંણાં સલાહકાર, (નાણાં વિભાગ) કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર | હાજર |
| (૩) | ડૉ.આર.આર.કસવાલા | સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય | હાજર |
| (૪) | શ્રી ડી.ટી.ચૌધરી | સભ્યસચિવ અને હિસાબી અધિ.–વ–હિસાબ નિયામક | હાજર |

(૧) શ્રી આર.ટી કિશ્ચિયન, સંયુકત સચિવશ્રી(કૃષિ યુનિ), (૨) ડૉ.એન.એલ.પટેલ, સભ્યશ્રી (૩)ડૉ.જી.જી.રાદડીયા, સભ્યશ્રી (૪) ડૉ.એ.એન.સાબલપરા, સભ્યશ્રી અનિવાર્ય કારણોસર હાજર રહી શકયા ન હતા, તેમની રજાને માન્ય કરવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની ૬ઠી બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૬.૦૧ નાણાં સમિતીની પાંચમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તાઃ ૨૫/૦૯/૧૪ ના રોજ ગાંધીનગર ખાતે મળેલ નાણાં સમિતીની પાંચમી બેઠકની કાર્યવાહી નોંધ મુદ્દા નં. ૫.૧ થી ૫.૪ સુધીની વંચાણે લેવામાં આવી, અને જે સર્વાનુંમતે માન્ય રાખી મંજુર કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૬.૦૨ તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ મળેલ પાંચમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નાણા સમિતિની તા. ૨૫/૦૯/૨૦૧૪ ના રોજ મળેલ પાંચમી બેઠકમાં મુદ્દા નં. ૫.૦૧ થી મુદ્દા નં. ૫.૪ સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૬.૦૩ સને ૨૦૧૪–૧૫ ના આયોજન બહાર (નોનપ્લાન) યોજનાઓના સુધારેલ અંદાજ મંજુર થવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના સને ૨૦૧૪–૧૫ના વર્ષનું બીન આયોજીત યોજનાઓના સુધારેલા ગ્રોસ અંદાજ રૂા. **55,23,32 (હજાર)** માંથી સુચિત આવક રૂા. **2,16,60(હજાર)** બાદ કરી નેટ સુધારેલ અંદાજ રૂા.**53,06,72(હજાર)** ની અંદાજપત્રીય દરખાસ્ત નિયામક મંડળને રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.

**(અમલઃ– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૬.૦૪** નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની ચાલુ પ્લાન યોજનાઓ (નોર્મલ અને ટ્રાયબલ) નો આગામી વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સુચિત નાણાકીય જોગવાઇ મંજુર કરવા બાબત..

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની ચાલુ પ્લાન યોજનાઓ (નોર્મલ અને ટ્રાયબલ) કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓ માટે આગામી વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં રૂા.૯૧૭૦.૨૨ લાખની સુચિત નાણાંકીય જોગવાઈ નિયામક મંડળને રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૬.૦૫** નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પ્લાન યોજનામાં આગામી અંદાજપત્ર વર્ષ ૨૦૧૫-૧૬ માં નવી યોજનાઓ (નોર્મલ અને ટ્રાયબલ) તથા ૫.૦૦ લાખથી વધુ કિંમતના સાધનોની સુચિત નાણાકીય જોગવાઇ મંજુર કરવા બાબત...

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પ્લાન યોજના (નોર્મલ અને ટ્રાયબલ) હેઠળ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના નવા કાર્યક્રમોને વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સામેલ (Statement-I) મુજબ રૂ. 2559.46 લાખ તથા ૫.૦૦ લાખથી વધુ કિંમતના સાધનો સામેલ (Statement-II) મુજબ રૂ. ૧૫૦૨.૧૦ લાખની સુચિત નાણાંકીય જોગવાઈ નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૬.૦૬** નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પ્લાન યોજનામાં આગામી અંદાજપત્ર વર્ષ ૨૦૧૫-૧૬ માં નવા બાંધકામની સુચિત નાણાકીય જોગવાઇ મંજુર કરવા બાબત...

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પ્લાન યોજના (નોર્મલ અને ટ્રાયબલ) હેઠળ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં સામેલ (Statement-I) મુજબ નવા બાંધકામો માટેના કુલ રૂ.૨૦૩૩.૭૩ લાખની સૂચિત બાંધકામની ડીટેલ નાણાંકીય જોગવાઇ સાથે નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે. "

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૬.૦૭** નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ યોજના હેઠળ રાજયના ૨૫ % હિસ્સાની નોર્મલ ચાલુ પ્લાન યોજનાની હંગામી જગ્યાઓને સને:૨૦૧૪-૧૫ના વર્ષ માટે ચાલુ રાખવાની મંજુરી ન મળતા વર્ષ: ૨૦૧૫-૧૬માં મંજુરીની દરખાસ્ત કરવા બાબત

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ યોજના હેઠળ રાજયના ૨૫% હિસ્સાની નોર્મલ ચાલુ પ્લાન યોજનાઓની ચાલુ બાબત (વિભાગ-૨) હેઠળ રૂ. ૧૮૬.૦૦ લાખની અંદાજપત્રીય જોગવાઇ વર્ષ : ૨૦૧૪-૧૫માં મંજુર કરવામાં આવેલ છે જે પૈકી ફકત કુલ..૯૩ જગ્યાઓ મંજુર કરેલ છે. જયારે બાકી રહેતી ચાલુ યોજનાઓમાં વધારાની 5 નવી યોજનાઓની 17 જગ્યાઓની આગામી વર્ષ: ૨૦૧૫-૧૬માં નવી બાબત તરીકે નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે. "

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

**<u>અધ્યક્ષ સ્થાનેથી</u>**

**મુદ્દા નં. ૬.૦૮** **સને ૨૦૧૪–૧૫ ના આયોજીત યોજનાના સુધારેલ અંદાજ મંજુર થવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના સને ૨૦૧૪–૧૫ના આયોજીત યોજનાઓના સુધારેલ અંદાજ રૂા. ૧૦૨૮૨.૧૮ (લાખ)ની અંદાજપત્રીય દરખાસ્ત નિયામક મંડળને રજુ કરવા ભલામણ કરવામાં આવે છે, જેમાં સને ૨૦૧૩–૧૪નાં નાંણાંકીય વર્ષમાંબાંધકામ અને નોનરીકરીંગની ગ્રાન્ટ સરકારશ્રીએ પરત ખેંચેલ છે, જે ચાલુ નાંણાંકીય વર્ષમાં બાંધકામને અસર ન થાય તે માટે મંજુર કરવી જરૂરી છે.

**(અમલઃ– સંશોધન નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**સભ્યસચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં નકૃયુ/હિઅવહિનિ/વહટ/ ૮૮૪૬–૫૨ તા.૧૧.૧૧.૨૦૧૪

(૧) શ્રી આર.ટી. ક્રિશ્ચિયન,નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર
(૨) શ્રી પી.બી.ચૌધરી, નાયબ સચિવશ્રી અને નાંણાં સલાહકાર, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર
(૩) ર્ડા. આર.આર.કસવાલા, સભ્યશ્રી અને નિયામક મંડળના સદસ્ય
(૪) ર્ડા. એન.એલ.પટેલ, સભ્યશ્રી અને ડીન,અસ્પી બાગાયત કોલેજ,નકૃયુ,નવસારી
(૫) ર્ડા. એ.એન.સાબલપરા,આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામકશ્રી,નકૃયુ,નવસારી
(૬) ર્ડા. જી.જી.રાદડીયા, સભ્યશ્રી અને કુલસચિવ,નકૃયુ,નવસારી
(૭) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ,નવસારી